# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે કચ્છમાં BSFના 61મા સ્થાપના દિવસની ઉજવણીમાં સહભાગી થશે.**
2. **ઓઈલ અને રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે આજે ગાંધીનગરમાં રાજ્યકક્ષાની મોકડ્રીલ યોજાશે.**
3. **રાજ્ય 'સ્વાગત' કાર્યક્રમમાં અધિકારીઓને સ્થળ મુલાકાત લઈ લોકોની રજૂઆતોનું નિવારણ લાવવા મુખ્યમંત્રીની તાકીદ.**
4. **સુરતમાં BRTS બસ ચલાવીને નિશા શર્મા રાજ્યના પ્રથમ મહિલા બસ ચાલક બન્યા**
5. **કતારમાં ચાલી રહેલા એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સમાં આજે સેમિફાઇનલમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ રાજ્યના બે દિવસના પ્રવાસે છે. ત્યારે આજે તેઓ કચ્છ જિલ્લાના ભુજમાં સરહદ સુરક્ષા દળ- BSFના 61મા સ્થાપના દિવસની ઉજવણીમાં સહભાગી થશે.

176 બટાલિયન BSF કેમ્પ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં BSF જવાનો પરેડ કરશે. આ દરમિયાન 'ઓપરેશન સિંદૂર 'માં સહભાગી થયેલા તોપખાના અને હથિયારોની ઝાંખી રજૂ કરાશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ : હેમાંગ પટણી)

આ કાર્યક્રમ બાદ શ્રી શાહ મોરબી જશે. જ્યાં તેઓ ભાજપ જિલ્લા કાર્યાલય શ્રી કમલમનું ઉદ્ઘાટન કરશે.

---

# MOCK DRILL

રાજ્યમાં ઓઈલ અને રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે આજે મોકડ્રીલ યોજાશે. ત્યારે ગાંધીનગરમાં રાજ્ય કટોકટી સંચાલન કેન્દ્ર- SEOC ખાતે રાજ્યકક્ષાની મોકડ્રીલ યોજાશે. આ ઉપરાંત રાજ્યના મુખ્ય પેટ્રો કેમિકલ હબ્સ જામનગર, હજીરા, વાડીનાર અને કંડલા જેવા સ્થળોએ પણ આ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે યોજાયેલી બેઠકમાં આપત્તિ વ્યવસ્થાપન રાજ્ય મંત્રી સંજયસિંહ મહીડાએ જણાવ્યું હતું કે આ મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ ઓઇલ અને

રાસાયણિક ઉદ્યોગોમાં ભવિષ્યમાં અકસ્માત સર્જાય ત્યારે ત્વરિત પ્રતિભાવ આપવા માટેની રાજ્યની તૈયારી , વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ઉદ્યોગો વચ્ચેનો સંકલન અને માનવ સંસાધન તથા સાધનોની અસરકારકતા ચકાસવાનો છે.

---

## CM SWAGAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્નોલોજીના ઉપયોગથી ઓનલાઈન જન ફરિયાદ નિવારણના કાર્યક્રમ  ‘સ્વાગત’માં અધિકારીઓને સ્થળ મુલાકાત લઈને લોકોની રજૂઆતોનું નિવારણ લાવવા સૂચના આપી.

ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં 70થી વધુ નાગરિકોએ સમસ્યાની રજૂઆત કરી તેમાંથી ચાર જેટલા અરજદારોની રજૂઆતો મુખ્યમંત્રીએ રૂબરૂ સાંભળી હતી.

આ ઉપરાંત બાકિની રજૂઆતો જનસંપર્ક એકમના અધિકારીઓ દ્વારા સાંભળીને સંબંધિત વિભાગો તથા જિલ્લા સ્તરના અધિકારીઓને કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી.  દરમિયાન શ્રી પટેલે તાલુકા અને જિલ્લા સ્વાગતના નિર્ણયોના સ્થાનિક કક્ષાએ અમલીકરણ અને સઘન મોનિટરીંગ માટે જિલ્લા કલેક્ટરોને સૂચના પણ આપી.

---

## SIR

રાજ્યમાં મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ- SIR કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. તે અંતર્ગત અમદાવાદ શહેર અને જિલ્લાના વિવિધ વિધાનસભા મત વિસ્તારોમાં 22 અને 23 નવેમ્બરના રોજ તમામ મતદાન મથકો

પર વિશેષ કેમ્પ યોજાશે. તેમાં મતદાર યાદી તથા ગણતરી પત્રક સંદર્ભે બૂથ સ્તરના અધિકારી- BLO ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. ત્યારે વધુમાં વધુ મતદારોને આ કેમ્પનો લાભ લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુજીત કુમારે અનુરોધ કર્યો છે.

બીજી તરફ બનાસકાંઠા જિલ્લામાં SIRની કામગીરીને વધુ અસરકારક બનાવવા પાલનપુર ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ. આ બેઠકમાં શ્રી પટેલે જણાવ્યું હતું કે, તારીખ 21 નવેમ્બર એટલે કે આજે સવારે 9 થી સાંજે 4 વાગ્યા સુધી જિલ્લામાં SIR બાબતે મેગા કલેક્શન દિવસ તરીકે કામગીરી કરાશે.

જ્યારે આવતીકાલે અને 23 નવેમ્બર એમ બે દિવસ સવારે 9 થી 4 વાગ્યા સુધી બી.એલ.ઓ પોતાના મતદાન મથક પર હાજર રહેશે અને નાગરિકોના ગણતરી પત્રક જમા કરવાની કામગીરી કરશે.

---

## SURAT PINK BRTS

નિશા શર્મા રાજ્યના પ્રથમ મહિલા બસ ચાલક બન્યા છે. સુરતમાં શરૂ કરાયેલી મહિલાઓ માટેની વિશેષ ગુલાબી BRTS બસના ચાલક બની તેમણે આ સિદ્ધિ હાંસલ કરી છે.

મૂળ મધ્યપ્રદેશના શ્રીમતી શર્મા ઇન્દોરમાં ચાર વર્ષથી BRTS બસ ચલાવી રહ્યા છે. ત્યારે આ મહિલા બસ ચાલકમાંથી અન્ય મહિલાઓને પણ પ્રેરણા મળશે , તેમ પરિવહન સમિતિ અધ્યક્ષ સોમનાથ મરાઠેએ જણાવ્યું.

### બાઈટ: સોમનાથ મરાઠે, પરિવહન સમિતિ ચેરમેન

---

# GUJARAT COASTLINE GATEWAY

**સમગ્ર વિશ્વમાં આજે 21 નવેમ્બરે વિશ્વ મત્સ્ય ઉદ્યોગ દિવસ મનાવાશે. ભારત જેવા વિશાળ દરિયાઈ સરહદ ધરાવતા દેશ માટે આ દિવસનું વિશેષ મહત્વ છે. ત્યારે રાજ્યનો દરિયાકાંઠો રાજ્યની આર્થિક સમૃદ્ધિનો પ્રવેશદ્વાર બની ગયો છે.**

**વાર્ષિક 10 લાખ 42 હજાર મૅટ્રિક ટનથી વધુ મત્સ્ય ઉત્પાદન સાથે ગુજરાત દેશની બ્લ્યૂ ઇકોનૉમીમાં યોગદાન આપતું અગ્રણી રાજ્ય છે. વર્ષ 2025-26માં 11 લાખ મૅટ્રિક ટનથી વધુ મત્સ્ય ઉત્પાદન થવાનો પ્રાથમિક અંદાજ લગાવાયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.**

## (વોઈસ કાસ્ટ – પ્રવેશ અડિએચા)

*(દેશનો સૌથી વિશાળ દરિયાકિનારો ધરાવતું રાજ્ય હોવાથી ગુજરાતને ભારતના મત્સ્ય ઉદ્યોગનું પાવર હાઉસ માનવામાં આવે છે. સત્તાવાર યાદી મુજબ, મત્સ્ય ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત આજે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. જ્યારે ગુજરાત દરિયાઈ મત્સ્ય ઉત્પાદનમાં સમગ્ર દેશમાં બીજા અને કુલ મત્સ્ય ઉત્પાદનમાં છઠ્ઠા ક્રમાંક પર છે. બીજી તરફ, માધવડ, નવા બંદર વેરાવળ-બે અને સૂત્રાપાડા ખાતે ચાર નવા માછીમારી બંદર વિકસાવવામાં આવી રહ્યા છે. મત્સ્યોદ્યોગ મંત્રી જિતુ વાઘાણીએ ભારત અને ગુજરાત સરકારના સહિયારા પ્રયાસથી રાજ્યમાં 'બ્લ્યૂ ક્રાન્તિ' સાકાર થઈ હોવાનું જણાવ્યું છે.*

*(પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

---

# CRICKET

**કતારમાં ચાલી રહેલા એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ 2025માં આજે સેમિફાઇનલમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મેચ રમાશે.**

આજે દોહામાં બપોરે ત્રણ વાગ્યાથી મેચ શરૂ થશે. ભારતીય ટીમને એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ 2025નો ખિતાબ જીતવા માટે હજુ 2 મેચ જીતવી પડશે.

અગાઉ ગ્રુપ  સ્ટેજમાં પહેલી મેચમાં યુએઈને હરાવ્યું જ્યારે બીજી મેચમાં પાકિસ્તાન વિરુદ્ધ 8 વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો.

લીગ સ્ટેજની ત્રીજી મેચમાં ભારતનો સામનો ઓમાન સાથે થયો હતો. જેમાં ભારતને 6 વિકેટથી જીત મળી હતી. આ ટૂર્નામેન્ટની ફાઈનલ 23 નવેમ્બરના રોજ દોહામાં રમાશે.

---

# UNITY MARCH

સરદાર વલ્લભભાઈ પટેલની    150મી જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત ગાંધીનગરના સરઢવ ખાતે અન્ન    ,  નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકીની અધ્યક્ષતામાં   યુનિટી @150 પદયાત્રાનો શુભારંભ કરાયો. શ્રી સોલંકીએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી  , પુષ્પાંજલિ અર્પણ કરી. તેમણે લોકોને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો.

તેમણે સરદાર પટેલના શબ્દો , વિચારો, જ્ઞાન અને નીડરતાને નવી પેઢી સમજે, સ્વીકારે અને તેમાંથી પ્રેરણા લે તેમ જણાવ્યું.     8 કિલોમીટર લાંબી આ પદયાત્રામાં વિવિધ મહાનુભાવો સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

મહેસાણા જિલ્લાના વિસનગર વિધાનસભા મત વિસ્તારમાં પણ ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષ સ્થાને યુનિટી માર્ચ પદયાત્રા યોજાઈ.

વાવ થરાદમાં યોજાયેલ યુનિટી માર્ચમાં ઉપસ્થિત રહેલ રાજ્ય મંત્રી સ્વરૂપજી ઠાકોરે યુનિટી માર્ચ અંગે પ્રતિક્રિયા આપતાં આ મુજબ જણાવ્યું,

**(બાઇટ - સ્વરૂપજી ઠાકોર)**

---

## WEATHER

રાજ્યમાં આગામી બે દિવસમાં ઠંડીમાં વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગની સત્તાવાર યાદી મુજબ, આ સમયગાળામાં રાજ્યમાં તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ ઘટી શકે છે. ત્યારબાદ કોઈ મોટા ફેરફારની શક્યતા નહીંવત્ છે.

રાજ્યમાં હાલ શિયાળાનો પ્રારંભ થતાં 11 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે અમરેલી , રાજકોટ, કેશોદ, ડીસા અને ગાંધીનગરમાં 13 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. આ સિવાય અમદાવાદ સહિતના શહેરમાં લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યું છે.

---